HIGHER EDUCATION STUDENT ASSISTANCE AUTHORITY

# લોન માટે સહ-હસ્તાક્ષર કરતા પહેલાં શું ધ્યાનમાં લેવું

**વિદ્યાર્થી લોન પર સહ-હસ્તાક્ષર કરવા એ એક મોટો નિર્ણય અને સતત ચાલતી જવાબદારી છે જે ખૂબ જ કાળજીપૂર્વક વિચાર કર્યા પછી જ લેવી જોઈએ.**

## કોઈ પણ વિદ્યાર્થી લોન પર સહ-હસ્તાક્ષર કરવાનું વિચારી રહ્યા હો ત્યારે અહીં ધ્યાનમાં રાખવા માટેના કેટલાક મુખ્ય મુદ્દાઓ છે:

- **સહ-હસ્તાક્ષર કરનાર દેવા માટે 100% જવાબદાર છે, જેનો અર્થ છે કે જો વિદ્યાર્થી ઉધાર લેનાર પોતે લોન ચૂકવવામાં નિષ્ફળ જાય, તો તેને ચૂકવવાની જવાબદારી તમારી રહેશે.**
- **લોન પર સહ-હસ્તાક્ષર કરવાથી તમારા દેવા-થી-આવકના ગુણોત્તર પર અસર પડશે.**
- **તમારા ક્રેડિટ રેટિંગ અને વધારાની ક્રેડિટ મેળવવાની તમારી ક્ષમતા, આ બંને પર પણ તેની અસર પડી શકે છે.**
- **લોનની શરતો સંભવિતપણે એ બાબત પર અસર કરશે કે કેટલું દેવું એકઠું થાય છે અને લોનની ચુકવણી કેટલી સરળતાથી કરી શકાય છે, તેથી તેના પાસાને સંપૂર્ણપણે સમજવા મહત્વપૂર્ણ છે; જેમ કે લોન ચુકવણીની સમયમર્યાદા, વ્યાજ દરનો પ્રકાર (દા.ત. નિશ્ચિત વિરુદ્ધ ચલ) અને વિદ્યાર્થી જ્યારે શાળા/કોલેજમાં ભણતા હોય તે દરમિયાન વ્યાજ મોકૂફ રાખવામાં આવશે કે નહીં.**

NJCLASS
A Family Loan for Higher Education

ન્યૂ જર્સી હાયર એજ્યુકેશન સ્ટુડન્ટ આસિસ્ટન્સ ઓથોરિટી (New Jersey Higher Education Student Assistance Authority, HESAA) New Jerseyમાં પાત્ર કોલેજો અને યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અને રાજ્યમાં અથવા બહાર ઉચ્ચ શિક્ષણની પાત્ર સંસ્થાઓમાં અભ્યાસ કરતા New Jerseyના રહેવાસીઓને સ્પર્ધાત્મક વ્યાજ દર અને પારદર્શક ચુકવણી વિકલ્પો સાથે રાજ્યના વિદ્યાર્થીઓને સહાય કરવા માટેની ન્યૂ જર્સી કોલેજ લોન (New Jersey College Loans to Assist State Students, NJCLASS) પ્રદાન કરે છે.

જો તમે NJCLASS લોન માટે સહ-હસ્તાક્ષર કરવાનું વિચારી રહ્યા હો, જેમાં વિદ્યાર્થી અને/અથવા વાલી ઉધાર લેનાર હોઈ શકે છે, તો ધ્યાનમાં રાખો કે NJCLASS લોનના પોતાના નિયમો અને શરતો હોય છે. વધુ જાણવા માટે, **www.njclass.org** ની મુલાકાત લો.

**મને સ્કૅન કરો**

**વિદ્યાર્થી લોન અંગે વધુ માહિતી માટે**